# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૬૩, તા.૦૨-૧૨-૨૦૨૪

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- તા.૧ લી ડિસેમ્બર 'સમાજ શિક્ષણ દિન'ના ફાળા બાબત.

સંદર્ભ :- અમદાવાદ શહેર સમાજ શિક્ષણ સમિતિનો તા.૨૮-૧૧-૨૦૨૪ પત્ર.

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવામાં આવે છે કે ''અમદાવાદ શહેર સમાજ શિક્ષણ સમિતિ'' દ્વારા સમાજ સેવાની પાયાની પ્રવૃત્તિઓ જેવી કે મહિલા સશક્તિકરણ, બાલવાડી, ઘોડિયાઘર, માતૃકલ્યાણ કેન્દ્રો, શિશુ કલ્યાણ કેન્દ્રો, એઈડઝ અવેરનેસ, વાંચે ગુજરાત, ગૃહ પુસ્તકાલય ચલાવવામાં આવે છે. આ સેવાયજ્ઞમાં સહકાર પ્રદાન કરવા માટે દર વર્ષે ૧ લી ડિસેમ્બરથી સમાજ શિક્ષણ દિન નિમિત્તે ફાળો એકત્ર કરવામાં આવે છે. તે અંતર્ગત તમારી શાળામાંથી પણ વધુને વધુ ફાળો એકત્ર થાય તેવા પ્રયાસો કરવા. તમારી શાળામાં ફાળો એકત્ર કરી જયારે સમાજ શિક્ષણ સમિતિના પ્રતિનિધિ ફાળો લેવા માટે આવે ત્યારે નાણાં આપી પહોંચ મેળવી શાળા દફતરે રાખવી.

તા.૦૨-૧૨-૨૦૨૪

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી